# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

78 78 5 91 0 92 પર GK લખી વોટ્સેપ પર સેન્ડ કરો. www.edusafar.com

## Current affairs 21(1) સામાન્ય જ્ઞાન 11/3/16

૧) હાલ ભારતના એટર્ની જનરલ મુકુલ રોહતગી છે.

૨) હાલ ભારતમાં માનવ સંસાધન મંત્રાલય દ્વારા ઈ લાઈબ્રેરી શરુ કરવામાં આવેલ છે, તેના 50 લાખ પુસ્તકો 25 સંસ્થાઓમાં 1 લાખ વિદ્યાર્થીઓને સુવિધા અપાઈ છે થોડા સમયમાં આ સુવિધા દરેક વિદ્યાથીઓને ઉપલબ્ધ કરાવાશે.

૩) હાલમાં શ્રી શ્રી રવિશંકરના આર્ટ ઓફ લીવીંગ ફાઉન્ડેશનને 5 કરોડ રૂપિયાના દંડ સાથે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે યમુના નદીના કિનારે યોજાનારા વિશ્વ સંસ્કૃતિક મહોત્સવની મંજુરી આપી દેવાઈ છે.

૪) આગામી 19 માર્ચના રોજ ભારત પાકિસ્તાન વચ્ચે ટી–20 ક્રિકેટ મેચ કોલકાતાના ઈડન ગાર્ડન ખાતે રમાશે.

૫) પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વિરુદ્ધ ભાજપ તરફથી નેતાજી સુભાષચંદ્ર બોઝના પ્રપૌત્ર ચંદ્ર બોઝ ચુંટણીલડશે.

૬) ભારતની સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા મહિલાઓ માટે સ્માર્ટ વુમન એડવાન્ટેજ સ્કીમ લોન્ચ કરવામાં આવી છે.

૭) માઉન્ટ એવરેસ્ટને પ્રથમ વખત એન.સી.સી. ગર્લ્સની ટુકડી સર કરશે આ ટુકડી 15 થી 25 મેં વચ્ચે ત્યાં પહોંચશે.

૮) હવેથી ટ્રેનમાં એકલી મુસાફરી કરનાર સ્ત્રી પુરુષો વચ્ચે મળેલી ટીકીટ બદલી શકશે, આ શરૂઆત દક્ષીણ રેલ્વેએ શરુ કરેલ છે.

૯) આગામી સપ્તાહથી વિમેન્સ ટી–20 વિશ્વકપ યોજાઈ રહ્યો છે ત્યારે ભારતીય ટીમના સુકાની મિતાલી રાજ, શ્રીલંકા, આયર્લેન્ડ તથા બાંગ્લાદેશ ટીમની સુકાનીઓએ ટ્રોફીનું અનાવરણ કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧૦) ગુજરાત સરકારની નવી સ્પોટ્ર્સ નીતિ અનુસાર ગુજ્રતનો ખેલાડી ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવે તો 5 કરોડ રૂપિયા, સિલ્વર મેડલ મેળવે તો 3 કરોડ રૂપિયા અને બ્રોન્ઝમેડલ મેળવે તો 2 કરોડ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવશે.

૧૧) ગુજરાતની નવી સ્પોટ્ર્સ નીતિ અનુસાર ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરે તે માટે શક્તિદુત યોજના શરુ કરેલ છે.

૧૨) 10 માર્ચ 1922 ના રોજ મહાત્મા ગાંધીને રાજદ્રોહ મામલે જેલમાં પૂરવામાં આવ્યા હતા, આ ગુનો કલમ નંબર 124 અંતર્ગત આવે છે, આપણા દેશમાં આજેપણ આ કલમ લાગુ કરાયેલ છે.

૧૩) અમેરિકામાં લર્નિંગ વિઘાઉટ કુલીંગની ઝુંબેશના પ્રણેતા અને કેળવણીકાર તરીકે જોન હોલ્ટે ગણાય છે.

૧૪) 181 મહિલા અભયમ યોજના અંતર્ગત 181 ની એન્ડ્રોઈડ એપ લોન્ચ કરવામાં આવી છે.

૧૫) ગત 8 માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે ભારતના પોસ્ટ વિભાગ દ્વારા સ્વ.ભાવનાબેન ચીખલીયાની ટપાલ ટીકીટ બહાર પાડવામાં આવી છે, સૌરાષ્ટ્રમાં કદાચ આ પ્રથમ બનાવ છે કે તેમાં આ રીતે ટપાલમાં સ્થાન કોઈને મળ્યું છે.

૧૬) સરકારે શિકારી પક્ષીઓના સંરક્ષણ સંબધી સહમતી સમજુતી પર કરાર કરેલ છે.

૧૭) પર્યાવરણ વન, જળવાયું પરિવર્તનના રાજ્ય મંત્રી પ્રકાશ ઝાવડેકર દ્વારા 5 માર્ચ 2016 ના રોજ પ્રદુષણ ફેલાવનાર ઉધોગના આધારે ચાર રંગો યોજનામાં ફરી વર્ગીકૃત કરવામાં આવેલ છે.

૧૮) સંસ્કૃતિ અને પર્યટન રાજ્ય મંત્રી મહેશ શર્મા દ્વારા આઈ.એ.એસ. પી.એસ. નેગી લોકટસ દ્વારા લખેલ પુસ્તક ધ કલ્ચર હેરીટેઝ ઓફ ટ્રાન્સ હિમાલયાઝ કિન્નૌર પુસ્તકનું વિમોચન કરેલ છે.

૧૯) આઈ.સી.આઈ.સી.આઈ.બેંક દ્વારા મહિલા કર્મચારીઓ માટે વર્ક ફ્રોમ હોમ કાર્યક્રમ લોન્ચ કરેલ છે.

૨૦) ભારતીય સેનાનું સાઈકલ અભિયાન સાઈકલ ટુ રીસાઈકલ સંદેશ સાથે ભારત મ્યાનમાર સરહદ પરથી પંગસૌથી 8 માર્ચ 2016 ના રોજ શરુ કરવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

## Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

## Current affairs 22(1) સામાન્ય જ્ઞાન 12/3/16

૧) હાલમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ બલબીર સિંહ ચૌહાણને કાયદાપંચના ચેરમેન બનાવવામાં આવ્યા છે.

૨) બલબીર સિંહ ચૌહાણ કાવેરી જળવિવાદ ન્યાયીકરણના ચેરમેન તરીકે પોતાની સેવા આપી રહ્યા છે.

૩) હવેથી દેશની તમામ હોસ્પિટલની માહિતી ગુગલ મેપ દ્વારા મેળવી શકાશે. કેન્દ્ર સરકાર દ્વારા દરેક હોસ્પિટલોને 10 અંકોનો એક યુનિક આઈ.ડી. નંબર આપવામાં આવશે.

૪) પી.એફ.માં એકઠા થતા એમ્પ્લોયરના ફાળાનો મોટા ભાગનો હિસ્સો પેન્શન માટે જમા થશે.

૫) સૌરાષ્ટ્ર યુનીવર્સીટીમાં યોજાયેલ બોર્ડ ઓફ યુનિવર્સીટી ટીચિંગની બૈઠકમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા સાત વર્ષમાં પી.એચ.ડી.ની ડીગ્રી પૂરી નથી કરી શક્યા તેવા 140 વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન રદ્દ કરવામાં આવ્યું છે.

૬) હાલમાં નવા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (ભારતીય માપદંડોના ધોરણનું બીલ) હાલ લોક સભામાં પસાર થઈ ગયું છે.

૭) ભારતીય ગોલકીપર પી.આર.શ્રીજેશ અને વિમેન્સ ટીમની સુકાની રીતુ રાનીને હોકી ઈન્ડિયાએ પોતાના બીજા વાર્ષિક પુરસ્કારો માટે તેઓને વર્ષના સર્વશ્રેષ્ઠ ખેલાડીમાં સામેલ કર્યા છે.

૮) હાલમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ 2016 નું ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે, તેમાં રાજકોટની ટીમ ગુજરાત લાયન્સ પ્રથમવાર ભાગ લઈ રહી છે, તેઓ પાંચ ટીમો સામે રાજકોટના ખંઢેરી સ્ટેડીયમમાં રમશે.

૯) બરફ વર્ષા તથા લપસણા બનેલા રોડના કારણે પેરીસ સાઈકલીંગ રેસનો ત્રીજો તબક્કો રદ્દ કરવામાં આવ્યો છે, આ રેસ 168 કિમીની હતી, તેમાંથી રેસરે 70 કિમીની રેસ પૂરી કરી દીધેલ

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

છે.

૧૦)11 માર્ચ 1985 ના રોજ મિખાઈલ ગોર્બોચેવ સોવિયેત સંઘના અંતિમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા.

૧૧) હાલ ભારતીય વાયુસેનાના નાયબ એર ચીફ માર્શલ બી.એસ. ધનોઆ છે.

૧૨) આજ સુધીમાં સેબીએ 17 શેરબજારોને કામકાજ બંધ કરવા માટે મંજુરી આપેલ છે.

૧૩) હાલમાં સંગીતકાર એ.આર.રહેમાન પોતાની પ્રથમ ફિલ્મ "99 સોન્ગ્સ" લઈને આવી રહ્યા છે.

૧૪) આગામી સપ્તાહમાં દ્વારકામાં "દ્વારકા ઉત્સવ 2016" કાર્યક્રમ યોજાશે.

૧૫) ભારત અને બહેરીન વચ્ચે અવૈધ માનવ તસ્કરી રોકવા પર સહમતી સાધવામાં આવી છે.

૧૬) હાલમાં સાઈબર સ્પેસ તથા સાઈબર ગુનાઓમાં મુકાબલા માટે ભારત અને સયુંકત આરબ અમીરાત વચ્ચે સમજુતી કરારને મંજુરી આપવામાં આવી છે.

૧૭) ભારતીય અંતરીક્ષ એજન્સી ઈસરોના છઠ્ઠા નેવિગેશન ઉપગ્રહ આઈ.આર.એન.એસ.એસ.–1 એફ નું સફળ પ્રક્ષેપણ કરવામાં આવેલ છે.

૧૮) હાલમાં ઉત્તરપ્રદેશ સરકારને ઈલાહાબાદ ઉચ્ચ ન્યાયાલય દ્વારા ગેરકાનૂની ખાણ ખોદકામ રોકવા માટે ટકોર કરેલ છે.

૧૯) ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પ્રધ્યોગીકી સુચના,પૂર્વાનુમાન અને મૂલ્યાંકન પરિષદ સંસ્થાને રાણી લક્ષ્મીબાઈ પુરસ્કાર (નારીશકિત પુરસ્કાર 2015)થી સન્માનિત કરવામાં આવેલ છે.

૨૦) પ્રધ્યોગીકી સુચના,પૂર્વાનુમાન અને મૂલ્યાંકન પરિષદ સંસ્થાને આ એવોર્ડ કિરણ–આઈ.પી.આર. યોજના અંતર્ગત કામ કરવા માટે આપવામાં આવ્યો હતો.

## Current affairs 23(1) સામાન્ય જ્ઞાન 13/3/16



www.edusafar.com

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧) કેન્દ્ર સરકાર દ્વારા સરહદી અને નકસલવાદ વિસ્તારોના 1000 જવાનો ડ્યુટી દરમિયાન પરિવારના લોકો સાથે વાત કરી શકે તે માટે મોબાઈલ ફોન આપશે, તેની કોલ સુરક્ષા માટે બટાલીયનમાં એક્સચેન્જ બનશે.

૨) હાલમાં રેલમંત્રાલય દ્વારા ક્લીન માય કોચ નામની ઓનલાઈન સેવા શરુ કરેલ છે, તેમાં યાત્રી 58888 પર એસ.એમ.એસ. મોકલીને કોચની સફાઈ કરાવી શકે છે.

૩) દેશમાં વર્ષ 2015–16 દરમિયાન સર્વાઈકલ કેન્સરના કારણે 62 હજાર મહિલાઓના મોત થયા છે, આ આંકડો અન્ય કરતા વધુ છે.

૪) 10 માર્ચના રોજ કેન્દ્રના મંત્રીમંડળ દ્વારા ગરીબ પરિવારોની મહિલાઓ માટે મફતમાં રાંધણગેસ ઉપલબ્ધ કરાવવા માટે 8000 કરોડની યોજનાને મંજુરી આપવામાં આવેલ છે.

૫) કેન્દ્ર સરકાર દ્વારા સ્ટાર્ટ અપની નાણાકીય જોગવાઈ માટે સરકારી બજેટમાં પાંચ ગણી વૃદ્ધિ કરેલ છે.

૬) શ્રીલંકાની ત્રણ જળ પરિયોજના માટે ભારત દ્વારા 40 કરોડ ડોલરની સહાય માટે 9 માર્ચ 2016 ના રોજ એક સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, તેનાથી 10 લાખ લોકોને લાભ થશે.

૭) ભારત, બાંગ્લાદેશને વીજળી તથા હાઈ સ્પીડ ડીઝલની આપૂર્તિ માટેની યોજનાને આખરી ઓપ આપશે.

૮) હાલમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા DPWને ભારતીય હોલ્ડીંગ કંપની બનાવવા માટેની મંજુરી આપેલ છે.

૯) વાહનનું ઉત્પાદન કરનાર કંપની હોન્ડાએ શૂન્ય ઉત્સર્જન કારના વેંચાણની શરૂઆત કરેલ છે.

૧૦) જાપાનની એક અદાલત દ્વારા ફુકુશીમાંની ઘટના બાદ સુરક્ષા નિયમોને લઈને સુરક્ષિત જાહેર કરેલ બે પરમાણું રીયેકટરોને બંધ કરવાની જાહેરાત કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

## Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧૧) હાલ માર્ચ 2016 ના પ્રથમ સપ્તાહમાં ભારતીય રીઝર્વ બેંક દ્વારા કેપિટલ લોકલ એરિયા બેંક લીમીટેડ CLABL ને લઘુ નાણાકીય બેન્કનું લાઈસન્સ પ્રદાન કરેલ છે, આ બેંક દેશની પ્રથમ નાની નાણાકીય બેંક બનેલ છે.

૧૨) હાલ સયુંકત રાષ્ટ્ર સંઘના રીપોર્ટ અનુસાર દુનિયાના 34 દેશો એવા છે , કે જેની આબાદીને ખવડાવવા માટે તેની પાસે પ્રયાપ્ત ભોજનની વ્યવસ્થા નથી, અને તેમાંથી 80 ટકા દેશો આફ્રિકી મહાદ્વિપના છે.

૧૩) સૌથી સારા વિશ્વ વિદ્યાલયના વાર્ષિક વિઝીટર્સ એવોર્ડ માટે 10 માર્ચ 2016 ના રોજ તેજપુર વિશ્વવિદ્યાલયને પસંદ કરવામાં આવેલ છે.

૧૪) હાલમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા શીખ ગુરુદ્વારા એક્ટ 1925 માં પૂર્વ વ્યાપી સંશોધન માટેના પ્રસ્તાવને મંજુરી આપવામાં આવેલ છે.

૧૫) આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ દ્વારા ભારતમાં એસ.એ.આર.ટી.ટી.એ.સી. સ્થાપિત કરવા માટે બંને વચ્ચે સમજુતી કરાર થયેલ છે.

૧૬) ટી–20 વર્લ્ડ કપમાં બાંગ્લાદેશના નામે સૌથી વધારે 15 મેચ હારવાનો રેકોર્ડ છે.

૧૭) હાલમાં કેપિટલ એરિયા બેંક દેશની સૌથી મોટી ક્ષેત્રીય બેંક બનવા પામી છે, તે પંજાબના જાલંધરમાં સ્થિત છે.

૧૮) હાલમાં હોન્ડા કંપનીએ શરુ કરેલ શૂન્ય કાર્બન ઉત્સર્જન કાર હાઈડ્રોજનથી ચાલે છે.

૧૯) કેન્દ્રીય મંત્રીમંડળે હાલમાં રજુ કરેલ ગરીબ પરિવારો માટે રાંધણગેસ યોજનાનું નામ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના રાખવામાં આવેલ છે.

૨૦) સયુંકત રાષ્ટ્રોની બે મુખ્ય એજન્સીઓ સયુંકત રાષ્ટ્ર જનસંખ્યા કોષ અને સયુંકત રાષ્ટ્ર બાલ કોષ દ્વારા બાળ વિવાહ રોકવા માટે 8 માર્ચ 2016 ના રોજ નવી પહેલની શરૂઆત કરવામાં આવી છે.

**Current affairs 24(1) સામાન્ય જ્ઞાન 14/1/16**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧) ગુજરાત રાજ્યના કોસ્ટગાર્ડનું વડુંમથક પોરબંદર ખાતે આવેલ છે.

૨) હાલ ગુજરાત રાજ્યના ચીફ સેક્રેટરી જી.આર. અલોરીયાના હસ્તે પોરબંદર ખાતે ચાર્લી ઈન્ટરસેપ્ટર બોટ 156 ને દરિયાઈ સુરક્ષા વધારે મજબુત બનાવવા માટે કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

૩) હોંગકોંગના કેમ્પેબેલે 44 વર્ષે ટી–20 માં ઝંપલાવી સૌથી મોટી ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમવાની સિદ્ધિ મેળવેલ છે.

૪) પાંચ વાર વર્લ્ડ ચેમ્પિયન બનેલા ભારતના વિશ્વનાથ આનંદે કેન્ડીડેટ ચેલેન્જ ચેસના પહેલા રાઉન્ડમાં બલ્ગેરિયાના વેસલીન ટોપોલોવને પરાજિત કરેલ છે.

૫) યુ.એસ.ની ઈન્ડોર ચેમ્પીયનશીપમાં મારવીક્સ ડેડીએ લોંગ જમ્પમાં 8.41 મીટરનો જંપ લગાવી ગોલ્ડમેડલ જીતેલ છે.

૬) અમેરિકા અને દક્ષીણ કોરિયાના સયુંકત સૈન્ય અભ્યાસમાં 17 હજાર સૈનિકો સામેલ થયા છે, તેમાં 12 હજાર દક્ષિણ કોરિયાના અને 5 હજાર અમેરિકાના સામેલ થયેલ છે.

૭) જાપાનના ક્યોટો યુનીવર્સીટીના સંશોધકો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે તેઓએ પ્લાસ્ટિકનો નાશ કરી શકે તેવા બેકટરિયાની શોધ કરેલ છે.

૮) દેશમાં વર્ષ 2012 મુજબ દૂધ આપતા પશુઓની સંખ્યા 9 કરોડ હતી, આજે  તે વધીને 12 કરોડ થઇ છે.

૯) કાકરાપાર અણુમથકના યુનિટ એકમાં પ્રાયમરી હીટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં લીકેઝના કારણે પ્લાન્ટ શટ ડાઉન કરવામાં આવેલ પરંતુ તેમાં પર્યાવરણને કોઈ નુકશાન થયેલ નથી.

૧૦) આગામી સમયમાં ગુજરાત સરકારના ખાતાઓમાં નોકરી મેળવવા માટે સરકાર દ્વારા ફેબ્રુઆરી 2014 માં રજુ કરેલી પ્રીત નામની પરીક્ષા પાસ કરવી પડશે, પ્રીતનું પૂરુંનામ પ્રિ.રિક્રુટમેન્ટ એલીઝીબીલીટી ટેસ્ટ થાય છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

## Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧૧) 13 માર્ચ 1940 ના રોજ ક્રાંતિકારી ઉધમસિંહે જનરલ ડાયરને લંડનમાં જાહેરમાં ગોળીબાર કરી મારી નાખ્યો હતો.

૧૨) અરબલીગે હિજબુલ્લાહને આતંકવાદી સંગઠન જાહેર કરેલ છે.

૧૩) ભારત અને મ્યાનમાર દેશ વચ્ચે રેલ્વે ડીઝલ એન્જીનમાં સમજુતી કરાર થયેલ છે.

૧૪) હાલમાં કેન્દ્રના રક્ષામંત્રી દ્વારા 11 માર્ચ 2016 ના રોજ કેન્દ્રીય સૈનિક બોર્ડ સચિવાલયના સંવાદાત્મક વેબ પોર્ટલની શરૂઆત કરેલ છે.

૧૫) 11 માર્ચ 2016 ના રોજ રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરોએ પોતાનો 31 મો સ્થાપના દિન મનાવેલ છે.

૧૬) હાલમાં વાહન સમન્વય નામની મોબાઈલ લોન્ચ કરવામાં આવી છે, તેનાથી પોલીસ અને સામાન્ય લોકોને ચોરાયેલા વાહનોનો ડેટાબેઈઝ જાણવામાં આ એપ મદદરૂપ થશે.

૧૭) સ્ટાર્ટ અપ ઈન્ડિયા અંતર્ગત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે દેશના ચાર મહાનગરોમાં કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવશે.

૧૮) સાંગખુપચુંગ સર્તોને મણીપુર રાજ્યની હાઈકોર્ટના ગૌણ ન્યાયધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૧૯) ભારત મ્યાનમાર દેશને રેલની યાત્રા અને માલભાડાની વધતી જરૂરિયાતો પૂરી કરવા માટે 18 મીટર ગેઈઝ અને 1350 ડીઝલ ઈલેક્ટ્રિક એન્જીન આપશે.

૨૦) હાલમાં અરબ લીગને આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું તે લેબનાન દેશનું છે.

## Current affairs 25 (1) સામાન્ય જ્ઞાન 15/3/16

૧) 12 માર્ચ 2016 ના રોજ રાષ્ટ્રપતિ ભવનના મુઘલ ગાર્ડનમાં યોજાયેલ ફેસ્ટીવલ ઓફ ઈનોવેશનમાં દેશભરમાંથી 65 પસંદગીના ગ્રાસરૂટ ઈનોવેશન રજુ થયા હતા.

૨) બ્રિટનની બૃનેલ યુનિવર્સીટીમાં પહેલીવાર ભારતીય વિદ્યાર્થી રણજીતસિંહ રાઠોડને

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

વિદ્યાર્થીસંઘના અધ્યક્ષ બનાવાયા છે.

૩) ભારતીય સર્પ વિજ્ઞાન સંસ્થા અને બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના અશોક કેપ્ટને સહ્યાદ્રીના ડુંગરમાં સાપની નવી પ્રજાતિની શોધ કરેલ છે.

૪) રાજકોટના બે યુવાનોએ સ્તન કેન્સરના પરીક્ષણ માટેની સર્વશ્રેષ્ઠ ડીવાઈસ તૈયાર કરેલ છે, તેઓની ડીવાઈસ 53 દેશોના 2458 ડિઝાઈનરોમાં તેઓને પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ આઈ.એફ ડીઝાઇન એવોર્ડ 2016 (જર્મની) મળેલ છે.

૫) 14 માર્ચ 2016 ના રોજ સૂર્યથી 130 ગણો મોટો તારો રોહિણી ચન્દ્રની પાછળ છુપાઈ જવાની 18 વર્ષે બનનારી ઘટના બની હતી.

૬) ગુજરાત રાજ્યની ટ્રાફિક પોલીસ હવે રસીદ બુકની જગ્યાએ ડીવાઈસ રાખતી થશે, હાલ દેશના ચાર શહેરોની ટ્રાફિક પોલીસ પાસે જ આ પ્રકારના ડીવાઈસ છે, સુરતને 50 ડિવાઈસ ફાળવવામાં આવશે.

૭) ભારતમાં દેશની 1000 વિશ્વાસુ બ્રાન્ડમાં ગુજરાતની 8 બ્રાન્ડ્સનો સમાંવેશ થાય છે.

૮) આ વર્ષે ખાનગી સેક્ટરની આઈ.સી.આઈ.સી.આઈ.બેંક અને એચ.ડી.એફ.સી. બેંકે ટોચની વિશ્વાસુ બ્રાન્ડ્સમાં પોતાનું સ્થાન મેળવેલ છે.

૯) આજે 15 મી માર્ચ વિશ્વ ગ્રાહક દિનને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમો અને જાગૃતિ સેમીનારનું આયોજન ઘણી જગ્યાએ કરવામાં આવશે.

૧૦) ઓસ્ટ્રેલિયાના સ્કોટ હેંડે થાઈલેન્ડ ક્લાસિક ગોલ્ફ ટુર્નામેન્ટ જીતી લીધેલ છે, આ તેમનો આઠમો એશિયન ટુર ખિતાબ છે.

૧૧) હાલમાં અલ્હાબાદની હાઈકોર્ટનો 150 મો સ્થાપના દિવસ ઉજવાઈ ગયો, તેમાં દેશના રાષ્ટ્રપતિ અને સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ ટી.એસ. ઠાકુરે હાજરી આપી હતી.

૧૨) હાલમાં ભારતના કેન્દ્રીય માહિતી કમિશનર તરીકે શ્રીધર આચાર્યલુ કાર્યભાર સંભાળે છે.

૧૩) હાલમાં વિશ્વબેંકના પ્રમુખ જીમ યોંગ કીમ છે,તેમણે પેરુની બેઠકમાં જાહેરાત કરેલ છે કે વર્ષ

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

2030 સુધીમાં વિશ્વમાંથી ગરીબી નાબુદ કરવામાં આવશે.

૧૪) હાલમાં વિશ્વબેંકે જે પોવર્ટી લાઈન નક્કી કરેલ છે તે ઈન્ટરનેશનલ પોવર્ટી લાઈન કે એક્સ્ટ્રીમ પોવર્ટી લાઈન તરીકે ઓળખાય છે.

૧૫) ગુજરાતમાં ભૂકંપના આંચકા નોંધનાર સીસ્મોગ્રાફ યંત્રો કે જેણે 11,400 થી વધારે આંચકાઓ નોંધ્યા છે તેઓને બદલવામાં આવશે.

૧૬) ગુજરાતમાં 72 સ્થળોએ સીસ્મોગ્રાફ મશીનરીને બદલી દેવામાં આવશે.

૧૭) ઓસ્ટ્રેલિયાના વૈજ્ઞાનિકોએ એવો દાવો કરેલ છે કે તેઓએ વિશ્વનો સૌથી પાતળો કાચ બનાવેલ છે, જે વાળ કરતા 2000 ગણો પાતળો છે.

૧૮) પાકિસ્તાનમાં કોરીડોરની સુરક્ષા માટે ચીની સૈન્યને તૈનાત કરવામાં આવશે.

૧૯) 10 માર્ચ 2016 ના રોજ સુપ્રીમકોર્ટે ટેલીકોમ ઓપરેટરોને મોબાઈલ કોલ ડ્રોપ 2 ટકાથી વધે નહિ તે માટેની સૂચના આપેલ છે.

૨૦) ભારત અને ઈન્ડોનેશિયામાં સયુંકત પ્રશિક્ષણ અભ્યાસ ગરુડ શક્તિ-4, 2016 ના ચૌથા તબક્કાની શરૂઆત 12 માર્ચ 2016 ના રોજ કરવામાં આવલે છે.

## Current affairs 26 (1) સામાન્ય જ્ઞાન 16/3/16

૧) યુરોપ અને રશિયાના સયુંકત પ્રયાસોથી 14 માર્ચ 2016 ના રોજ મંગળ ગ્રહ પર માનવ રહિત અંતરીક્ષ યાન પ્રક્ષેપિત કર્યું છે, જે મંગળ ગ્રહ પર જીવનની શક્યતાઓ શોધશે.

૨) રશિયા અને યુરોપના સયુંકત પ્રયાસોનું મંગળ પર શોધખોળ અભિયાન એક્સોમાંર્સ 2016 નામ અપાયું છે.

૩) યુરોપ અને રશિયા દ્વારા છોડેલ રોકેટ પ્રોટોન કઝાકિસ્તાનથી પ્રક્ષેપિત કરવામાં આવેલ.

૪) હાલમાં હાવર્ડ યુનિવર્સીટીના સંશોધનકારો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે તેણે ફોલ્ડ કરીને બેગમાં આવી જાય તેવા મકાનની ડીઝાઈન તૈયાર કરેલ છે, વળી આ મકાન પર એક

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

હાથીનું વજન મૂકી દેવામાં આવે તો પણ તે તૂટશે નહિ તેવો દાવો કરાયો છે.

૫) પ્રસિદ્ધ રમત ક્રિકેટની પ્રથમ સતાવાર ટેસ્ટ મેચ 15–19 માર્ચ 1877 ના રોજ ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં રમાઈ હતી.

૬) દેશમાં માર્ગ અકસ્માતની સૂચના આપવા માટે હેલ્પલાઇન નંબર 1033 ટૂંક સમયમાં શરુ કરવામાં આવશે.

૭) દેશના કોઈપણ ભાગમાં અકસ્માતની સુચના માટે નેશનલ હાઈ વે મંત્રાલય દ્વારા દેશના છ ઝોનમાં કોલ સેન્ટર સ્થાપિત કર્યા છે.

૮) હવેથી રેલ્વે ઈ–કેટરિંગની સુવિધા દેશના 408 રેલ્વે સ્ટેશનો ઉપર અપાશે.

૯) કેન્દ્ર સરકાર દ્વારા 2016–17 માં દેશમાં 10 હજાર નવા એલ.પી.જી. વિતરકોની નિમણુક કરવામાં આવશે.

૧૦) હવે આરપાર જોઈ શકાય તેવા ટ્રાન્સપરન્ટ ગેસ સીલીન્ડરનો પાઈલોટ પ્રોજેક્ટ અમદાવાદ અને પુનામાં આગામી મેં 2016 થી શરુ કરવામાં આવશે.

૧૧) દેશમાં આગામી 20 મી એપ્રિલથી બજેટ સત્રનો બીજો તબક્કો શરુ થશે.

૧૨) હાલ ભારતનો વિકાસ યોગ્ય રીતે થઈ રહ્યો છે, તેવું આઈ.એમ.એફ.ના ચીફ ક્રિસ્ટન લેગાર્ડે દ્વારા જણાવવામાં આવ્યું છે.

૧૩) ઉદ્યોગોમાં મહિલા ડીરેક્ટર્સ માટે ભારતમાં પણ WCD –ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી છે.

૧૪) વિમેન્સ કોરપોરેટ ડિરેક્ટર્સમાં કુલ 3500 મેમ્બર્સ રહેલા છે, કે જે વૈશ્વિક સ્તરે 7000 કંપનીઓના બોર્ડ પર કાર્યરત છે.

૧૫) હાલમાં 14 માર્ચ 2016 ના રોજ ગુજરાત સરકાર દ્વારા રોડ સેફ્ટી પોલીસીની જાહેરાત કરેલ છે.

૧૬) શેવરલેના અમેરિકી રેસર કેવિન હારવીકે નાસ્કાર સ્પ્રિન્ટ કપ સીરીઝ ગુડ સેમ 500 કાર રેસ

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

જીતી લીધી છે.

૧૭) હાલમાં બ્રાજિલનાં રાષ્ટ્રપતિ ડીલ્માં રોસેફ સામે 150 શહેરોમાં 30 લાખથી વધારે લોકોએ દેખાવો કર્યા હતા.

૧૮) ભારતમાં સ્વદેશમાં નિર્મિત બૈલીસ્ટીક મિસાઈલ અગ્નિ–1 નું સફળ પરીક્ષણ 14 માર્ચ 2016 ના રોજ કરેલ છે, આ મિસાઈલ 700 કિમી દુર રહેલા લક્ષ્યને નિશાન બનાવી શકે છે.

૧૯) હાલમાં મુંબઈમાં ભારતીય શિખર સંમેલન 2016 યોજાઈ ગયું,આ આયોજન નૌવહન મંત્રાલય દ્વારા કરવામાં આવેલ.

૨૦) 11 માર્ચ 2016 ના રોજ ભારત અને અમેરિકાએ ફૂલબ્રાઈટ–કલામ જળવાયું ફૈલોશિપ લોન્ચ કરેલ છે.

## Current affairs 27 (1) સામાન્ય જ્ઞાન 17/3/16

૧) હાલમાં દેશની રીઝર્વ બેંકે બેંકોને બચતખાતાઓ પર વ્યાજની ચુકવણી ત્રિમાસિક અથવા તેનાથી ઓછા સમયમાં કરવાની સૂચના આપેલ છે.

૨) હાલમાં મ્યાનમારના રાષ્ટ્રપતિ તરીકે પ્રથમ બિનલશ્કરી રાષ્ટ્રપતિ તરીકે તિન કયો ચૂંટાયા છે.

૩) આ બિનલશ્કરી રાષ્ટ્રપતિ તિન કયોએ નોબેલ વિજેતા આંગ શું કી ના નજીકના સહયોગી પણ છે.

૪) આગામી 4 સપ્ટેમ્બર 2016 ના રોજ મધર ટેરેસાને સંતનો દરજ્જો આપવામાં આવશે.

૫) રોમન કેથલિક ધર્મમાં સંતની ઉપાધી ધર્મગુરુ પોપ દ્વારા આપવામાં આવે છે.

૬) આગામી 22 એપ્રિલથી ઉજ્જૈનમાં સિંહસ્થ કુંભ પ્રથમવાર પેપરલેસ અને કેશલેસ યોજાશે.

૭) આઈ.સી.સી દ્વારા આયોજિત મહિલા ટી–20 વિશ્વ કપના પ્રથમ રાઉન્ડમાં બાંગ્લાદેશને ભારતની મહિલા ટીમે 72 રનથી પરાજય આપેલ છે.

૮) જીવનની ગુણવતાની દ્રષ્ટીએ થયેલ સર્વેમાં મુંબઈ ટોચ પર જયારે દિલ્હી છઠ્ઠા ક્રમાંકે આવેલ

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

છે.

૯) આગામી પ્રથમ એપ્રિલથી મ્યાનમારના તિન કયો રાષ્ટ્રપતિ પદનો દરજ્જો સ્વીકારશે.

૧૦) હાલમાં આર.એસ. દ્વારા આધાર વિધેયકમાં 4 સંશોધન કરી લોકસભામાં પરત મોકલી આપવામાં આવેલ છે.

૧૧) દેશના રાષ્ટ્રપતિના કહેવા પ્રમાણે વર્ષ 2020 માં અમેરિકા અને ચીન પછી વિશ્વનું ત્રીજું સૌથી મોટું માર્કેટ ભારત બનશે.

૧૨) હાલમાં કેન્દ્ર સરકારના કહેવા મુજબ દેશમાં 100 પ્લાસ્ટિક એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ સ્થાપવામાં આવશે.

૧૩) 14 માર્ચ 2016 ના રોજ ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા બિલ્ડરો સંબધિત સમાધાન યોજનાને મંજુરી આપેલ છે.

૧૪) 14 માર્ચ 2016 ના રોજ દિલ્હીમાં દેશના પ્રતિષ્ઠિત કોર્પોરેટ ગોલ્ફ ટુર્નામેન્ટ લોયાર્ડ બીઝનેસ ટુડે પ્રો.એમ ચેમ્પિયન્સ 2016 નો 20 માં સત્રનો ખિતાબ જીતેલ છે.

૧૫) હાલમાં ફીલીસ્તાનના શિક્ષક અલ હરુબને ગ્લોબલ ટીચર્સ એવોર્ડ 2016 મળેલ છે.

૧૬) ૧૩ માર્ચ 2016 ના રોજ ચીનના લીન ડાને પોતાની રમતના છઠ્ઠો ઓલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ખિતાબ જીતેલ છે.

૧૭) 10 માર્ચ 2016 ના રોજ બ્રિટનના પ્રસિદ્ધ કીબોર્ડ વાદક કીથ એમર્સનનું અવસાન થયેલ છે તેઓ 71 વર્ષની વયના હતા.

૧૮) પાકિસ્તાન અને ચીન વચ્ચે આવેલ 3000 હજાર કિમી લંબાઈનો માર્ગ ચીન–પાક ઈકોનોમિક કોરીડોર (CPEC)નામે ઓળખાય છે.

૧૯) 14 માર્ચ 2016 ના રોજ કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી જે પી નડ્ડા દ્વારા કલીન સ્ટ્રીટ ફૂડ અભિયાનનો શુભારંભ કરવામાં આવેલ છે.

૨૦) હાલમાં દિલ્હીએ પ્રતિષ્ઠિત કોર્પોરેટ ગોલ્ફ ટુર્નામેન્ટ લોયર્ડ બીઝનેસ ટુડે પ્રો.એમ

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

ચૈમ્પિયંસ ખિતાબ જીતેલ છે.

## Current affairs 28 (1) સામાન્ય જ્ઞાન 18/3/16

૧) આગામી 12 જુન 2016 થી કૈલાશ માનસરોવર યાત્રા શરુ કરવામાં આવશે.

૨) હાલમાં સયુંકત રાષ્ટ્ર સંઘના (યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ) યુ.એન.ડી.પી.એ ચીની મલેશિયાઈ અભિનેત્રી મિશેલ યોહની ગુડવિલ એમ્બેસેડર તરીકે નિમણુક કરવામાં આવી છે.

૩) 17 માર્ચ 2016 થી વૈષ્ણોદેવીમાં 30 મિનિટ સુધી ફ્રી વાઈ–ફાઈ શરુ કરવામાં આવેલ છે.

૪) મીણના પુતળા માટે જાણીતા મેડમ તુશાદ મ્યુઝીયમમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રમોદીનું મીણનું પુતળું મુંકવામાં આવશે.

૫) હાલની સરકારનું એવું માનવું છે કે મેક ઇન ઈન્ડિયા બાદ ભારતમાં FDI માં 29 ટકાનો વધારો જોવા મળ્યો છે.

૬) રૂમ એસી બનાવતી બ્લ્યુ સ્ટાર કંપની ન્યુ આંધ્રપ્રદેશમાં વર્ષ 2019 સુધીમાં પોતાનું ઉત્પાદન શરુ કરી દેશે.

૭) ઈંગ્લેન્ડના જાણીતા ક્રિકેટર વિલ્ફ્રેડ રોડ્સના નામે ટેસ્ટના તમામ ક્રમે બેટિંગ કરવાનો અનોખો રેકોર્ડ છે.

૮) ઇટાલીના પીટર હિલે આલ્પાઈન સ્કીઈંગ વર્લ્ડકપમાં ડાઉન હિલ ઈવેન્ટનું ટાઈટલ જીતવાની સાથે તેઓ ઇટાલીના પ્રથમ સ્કીયર બની ગયેલ છે.

૯) 17 માર્ચ 1992 માં આફ્રિકામાં રંગ ભેદના કાયદાને નાબુદ કરવા માટે લોકમત લેવામાં આવ્યો હતો અને ત્યારબાદ આ કાયદો નાબુદ કરવામાં આવ્યો હતો.

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧૦) ભૂતાન વિશ્વનું સૌથી ઈકોફ્રેન્ડલી દેશ છે, કારણ કે ત્યાંની 60 ટકા જમીનમાં જંગલ વિસ્તાર આવેલ છે.

૧૧) ભારતમાં મુસ્લિમ મહિલાઓના શિક્ષણ માટે દેશમાં 15 ડીગ્રી મોડેલ કોલેજ અને 592 હોસ્ટેલ બનાવવામાં આવશે.

૧૨) ઓક્સફર્ડ યુનિવર્સીટીના પ્રોફેસર વાઈલ્સને 300 વર્ષ જુના ગણિત શાસ્ત્રના પ્રમયનું રહસ્ય ઉકેલી પાંચ લાખ પાઉન્ડનો પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે.

૧૩) હાલમાં ચીન વિશ્વનું સૌથી લાંબા અંતરનું હાઈસ્પીડ રેલ્વે નેટવર્ક ધરાવે છે.

૧૪) હાલમાં ક્યુબા અને અમેરિકા વચ્ચે દુરસંચાર સેવા માટેના સીધી આંતરરાષ્ટ્રીય વાતચીત માટે સમજુતી કરાર કરવામાં આવેલ છે.

૧૫) 14 માર્ચ 2016 ના રોજ મોરીટાનિયા દેશ વર્ષ 1930 ના શ્રમ રોકવા માટે બનાવેલ 2014 ના પ્રોટોકોલને માનનાર બીજો આફ્રિકી દેશ બનેલ છે.

૧૬) રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા સિરિયામાં રોકાયેલ પોતાની સેનાને 14 માર્ચના રોજ દેશના મુખ્ય ભાગથી હટવાની સૂચના આપી દીધેલ છે.

૧૭) સયુંકત રાષ્ટ્ર સંઘ દ્વારા મારિયા શારાપોવાને સદભાવના દૂતના પદ પરથી હટાવવામાં આવ્યા છે.

૧૮) પંજાબ નેશનલ બેંક દ્વારા અખિલ ભારતીય કેડી સિંહ બાબુ હોકી પ્રતિયોગીતાનો ખિતાબ જીતેલ છે.

૧૯) 12 માર્ચ 2016 ના રોજ અમેરિકી ગણિત શાસ્ત્રી લોયડ સ્ટીલ શેપલી કે જેણે નોબેલ પ્રાઈઝ મેળવેલ તેનું અવસાન 92 વર્ષની વયે થયેલ છે.

૨૦) હાલમાં ઈન્ડિયા ઈન્ક વિશ્વમાં સયુંકત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્યોને અપનાવનાર પ્રથમ સંસ્થા બનેલ છે.

Current affairs 29 (1) સામાન્ય જ્ઞાન 19/3/16

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧) અમેરિકા દેશ આગામી 1 એપ્રિલ 2016 થી એચ.વન વિઝા માટે અરજીનો સ્વીકાર કરશે.

૨) ભારતના સૌથી સ્વસ્છ 10 રેલ્વે સ્ટેશનમાં ગુજરાતના સુરત, રાજકોટ અને વડોદરાને સ્થાન મળ્યું છે, તેમાં સુરત પ્રથમ રાજકોટ બીજા તથા વડોદરા આઠમાં ક્રમાંકે છે.

૩) એન.સી.ઈ.આર.ટી.ની રાષ્ટ્રીય સર્વેક્ષણ પરીક્ષામાં આઈ.સી.એસ.ઈ.ના વિદ્યાર્થીએ ટોપ કરેલ છે.

૪) દેશમાં પ્રથમવાર હાઈ–વે ક્રોસ કરવા માટે સીનીયર સીટીઝન માટે એસ્કેલેટર લગાવવાની કામગીરી કલોલમાં કરવામાં આવી છે.

૫) એસ્કેલેટર લગાવવાની કામગીરી સૌપ્રથમવાર અમદાવાદ–મહેસાણા મુખ્ય હાઈ–વે પર કલોલ ખાતે કરવામાં આવેલ છે.

૬) હાલમાં વિડીયોકોન કંપનીના સ્પેક્ટ્રમ બીઝનેસ ભારતી એરટેલ રૂ.4428 કરોડમાં ખરીદશે.

૭) 18 માર્ચ 1965 ના રોજ રશિયાના એલેસ્કી લીવોનોવ સ્પેસમાં પગ મુકનાર પ્રથમ  વ્યક્તિ બન્યા હતા.

૮) સમગ્ર વિશ્વમાં સૌથી વધારે દૂધનું ઉત્પાદન કરનાર દેશ ભારત છે, પરંતુ એક સર્વે મુજબ ત્રણ ભારતીય માંથી બે ભારતીય સાબુ અને યુરિયાયુક્ત દૂધ પી રહ્યા છે.

૯) જવાહર લાલ નહેરુ યુનીવર્સીટીએ સામાજિક વિજ્ઞાન વિભાગે વિશ્વમાં 51 મુ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

૧૦) જવાહર લાલ નહેરુ યુનીવર્સીટીના સામાજિક વિજ્ઞાન વિભાગમાં 19 ફેકલ્ટી છે, તેમાં 450 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

૧૧) મ્યાનમારે ચાર એશિયન બેંકોને ઓપરેટીંગ લાઈસન્સ પ્રદાન કરેલ છે.

૧૨) હવેથી મ્યાનમારમાં કુલ વિદેશી બેન્કોની સંખ્યા 13 થવા પામી છે.

૧૩) હવેથી મ્યાનમારમાં નવી શાખા  ખોલનાર બેંકોમાં બેંક ફોર ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ડેવલોપમેન્ટ

www.edusafar.com

ઓફ વિયેતનામ,સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,તાઈવાન સન કોમર્શિયલ બેંક અને કોરિયાની સીનહેન બેંક ખુલશે.

૧૪) અમેરિકી ફેડરલ રીઝર્વએ વ્યાજદરમાં બદલાવ લાવવા માટેનો નિર્ણય કરેલ છે.

૧૫) એશિયાના સૌથી મોટા પરમાણું સુરક્ષા કેન્દ્ર ચીન–અમેરિકા પરમાણું સુરક્ષા કેન્દ્રનો 18 માર્ચ 2016 ના રોજ પ્રારંભ કરવામાં આવેલ છે.

૧૬) ચીન–અમેરિકા પરમાણું સુરક્ષા કેન્દ્ર પ્રતિ વર્ષ 2000 પરમાણું કર્મચારીઓને પ્રશિક્ષિત કરવામાં સક્ષમ છે.

૧૭) પ્રસિદ્ધ અમેરિકી ગાયક ફ્રેંક સિનીત્રાંનું 16 માર્ચ 2016 ના રોજ અવસાન થયેલ છે, તેઓ 72 વર્ષની વયના હતા.

૧૮) અમેરિકી ગાયક ફ્રેંક સિનીત્રા ફ્લોરીડાના પીબોડી ઓડીટેરીયમમાં સંગીતના કાર્યક્રમમાં ગાતા હતા.

૧૯) 17 માર્ચ 2016 ના રોજ પ્રસિદ્ધ જાદુગર પોલ ડેનિયલનું બ્રેઈન ટ્યુમરના કારણે અવસાન થયેલ છે, તે 77 વર્ષની વયના હતા.

૨૦) પોલ ડેનિયલને વર્ષ 1982 માં એકડેમી ઓફ મૈજીશિયન આર્ટસ દ્વારા મૈજીશિયન ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## Current affairs 30 (1) સામાન્ય જ્ઞાન 20/3/16

૧) ઈંગ્લેન્ડના જેક રોનાલ્ડ્સે 104 વર્ષની વયે 6 એપ્રિલ 2016 ના રોજ ટેટુ બનાવી વિશ્વ રેકોર્ડ બનાવશે.

૨) દેશની સૌપ્રથમ ઈ–કોમર્સ કંપની ઈન્ફીબીમનો IPO 21 માર્ચ 2016 ના રોજ ખુલશે.

3) વર્ષ 1912 (સ્ટોકહોમ) સુધી ઓલિમ્પિક ગેમ્સનાં ગોલ્ડમેડલ શુદ્ધ સોનાથી જ બનતા હતા.

૪) વર્લ્ડ ઈન્ડોર પોલ વોલ્ટમાં જેનીફર સહુરે મીટર રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીતેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૫) પોલ વોલ્ટ 4.90 મીટરનો જંપ લગાવીને ગોલ્ડ મેડલ મેળવેલ છે, આ જેનીફરનું પહેલું વર્લ્ડ ટાઈટલ છે.

૬) 17 માર્ચ 1982 માં ઘૂંટણના ઓપરેશન બાદ આજ સુધી ફ્રાંસના ફૂટ બોલ ખેલાડી જીન પિયર્સ એડમ્સ 34 વર્ષથી કોમામાં છે,આજ સુધી તે જાગ્યા નથી.

૭) એક સર્વે મુજબ ગંદા પાણીથી ડાયરિયા જેવી બીમારીથી દુનિયામાં દરરોજ પાંચ વર્ષથી ઓછી વયના 900 બાળકો મૃત્યુ પામે છે.

૮) 19 માર્ચ 1972 ના રોજ ભારત અને બાંગ્લાદેશ દ્વારા મૈત્રી સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

૯) હાલ હૈદરાબાદ ખાતે ઈન્ડિયા એવિએશન–2016 એર શો ચાલી રહ્યો છે, તેમાં 12 દેશોની 200 થી વધારે કંપનીઓ ભાગ લઈ રહી છે.

૧૦) નાના બચતકારોની બચતમાં ફટકો પડેલ છે, કેન્દ્ર સરકાર દ્વારા તેના વ્યાજદરોમાં 1.3 ટકા સુધીનો ઘટાડો જાહેર કરેલ છે, આ દર 1 એપ્રિલથી લાગુ કરવામાં આવશે.

૧૧) અત્યાર સુધીમાં કિસાન વિકાસ પત્રમાં 100 મહીને નાણા ડબલ થતા હતા, પરંતુ સરકારે વ્યાજદર ઘટાડતા 110 મહીને નાણા ડબલ થશે.

૧૨) હાલ દિલ્હીમાં કૃષિ મેળો શરુ થયેલ છે, દેશનાં વિકાસ માટે ખેડૂત સશક્તિકરણ અને ભારતને વિકસિત કરવા પર ભાર મુકાશે.

૧૩) એસીડ હુમલાનો ભોગ બનેલ મહિલાઓને મફત તબીબી સારવાર આપવાનો દિલ્હી સરકારને આદેશ આપવામાં આવેલ છે.

૧૪) માર્ચ 2016 ના રોજ દિલ્હીમાં વિશ્વ સુફી સંમેલનનું આયોજન કરવમાં આવ્યું હતું.

૧૫) ભારતના મુંબઈમાં બ્રિક્સ મૈત્રી શહેર સંમેલન 2016 નું આયોજન કરવામાં આવશે.

૧૬) હાલ જાપાનના વિદેશમંત્રી ફૂમિયો કીશિદા છે, તેઓએ ઉતર કોરીયાએ કરેલ મિસાઈલ પરીક્ષણ પર નારાજગી દર્શાવી છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૧૭) જર્મનીની એસ.એમ.ઈ. સંસ્થા ભારતમાં પરિયોજનાઓ માટે 3000 કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

૧૮) રાજસ્થાનના પોખરણમાં ભારત સરકાર દ્વારા ભારતીય વાયુસેના આયોજિત શક્તિપ્રદર્શન આયરન ફિસ્ટનું આયોજન કરવામાં આવશે.

૧૯) 16 માર્ચ 2016 ના રોજ પંજાબ સરકારે સ્વાઈન ફ્લુને મહામારી અધિનિયમ અંતર્ગત અધિસૂચિત કરેલ છે.

૨૦) 17 માર્ચ 2016 ના રોજ વિજય માલ્યાએ રોયલ ચૈલન્જર્સ સ્પોર્ટ્સ પ્રાઇવેટ લીમીટેડના નિર્દેશક પદ પરથી રાજીનામું આપેલ છે.

- **પરેશ ચાવડા**

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**